ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ સમાન, એવું શરીરનું બળ આપ

નવા કેસ

રાજ્ય	૧૨૪૩
અમદાવાદ	૧૮૦
ગાંધીનગર	૩૪

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૧૧ | ૧૦ ઓક્ટોબર, ૨૦૨૦, શનિવાર; અ. આસો વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

રાજ્યમાં આ નવરાત્રીએ ઢોલ નહિ ઢબૂકે

રાજ્યમાં તહેવારોને લઈને સરકારે ગાઈડલાઈન કરી જાહેર : નવરાત્રીમાં માત્ર આરતી અને સ્થાપના થઈ શકશે, ગરબા નહીં થાય : દશેરા, લોકમેળા, રાવણ દહન, રામલીલા, શોભાયાત્રા પર મુકાયો પ્રતિબંધ

ગાંધીનગર,તા.૯

તહેવારોને લઈને રાજ્ય સરકારની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. આગામી સમયમાં હવે રાજ્યમાં નવરાત્રિ, દશેરા, દિવાળીને લઈને ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. ગુજરાતમાં ગરબાને લઈને આજે એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં હવે કોઈ પણ જાતના ગરબાનું આયોજન કરી શકાશે નહીં. પરંતુ ગરબી, મૂર્તિની સ્થાપના અને પૂજા – આરતી કરી શકાશે. કોરોના હોવાના કારણે કોઈ પણ ફોટો, મૂર્તિ ચરણ સ્પર્શ, પ્રસાદ વિતરણ કરી શકાશે નહીં. આ માટે સ્થાનિક તંત્રની મંજૂરી આવશ્યક છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, કેન્દ્ર સરકારની ગાઈડલાઈન બાદ રાજ્ય સરકારે આજે આગામી તહેવારોને લઈને ગાઈડલાઈન જાહેર કરી છે, જેમાં નવરાત્રિ, દશેરા, દિવાળીને લઈ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. એક કલાકના કાર્યક્રમમાં ૨૦૦થી વધુ લોકો એકત્ર કરી શકાશે નહીં. રાજ્યમાં આગામી તહેવારો બેસતા વર્ષ, નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભને લઈને સરકારે ગાઈડલાઈન જાહેર કરી છે. જ્યારે દશેરા, લોકમેળા, રાવણ દહન, રામલીલા, શોભાયાત્રા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામને નોબેલનો શાંતિ પુરસ્કાર

વિશ્વમાં ભૂખમરો મિટાવવામાં યોગદાન બદલ ૨૦૨૦નો પુરસ્કાર : નોર્વેની નોબેલ કમિટિ દ્વારા સન્માન એનાયત કરવામાં આવ્યું, આ સન્માન મેળવવા માટે ૩૦૦થી પણ વધુ મહાનુભાવો અને સંસ્થાઓ લાઈનમાં હતા

નવી દિલ્હી,

નોર્વેની નોબેલ સમિતિએ આ વર્ષના નોબલ શાંતિ પુરસ્કારથી વર્લ્ડ ફૂડ પ્રોગ્રામને સન્માનિત કર્યું છે. ભૂખની સમસ્યાનો સામનો કરવા માટે આ સંસ્થા દ્વારા કરવામાં આવેલા નોંધપાત્ર પ્રયાસો હેઠળ આ સન્માન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૨૦ માં, કોવિડ -૧૯ રોગચાળા સાથે, ડબ્લ્યુએફપીએ ભૂખને કારણે મૃત્યુ પામનારાઓની સંખ્યામાં વધારો થતાં તેના પ્રયાસો વધુ તીવ્ર બનાવી દીધા. ગયા વર્ષે ઈથોપિયાના વડા પ્રધાન એ.બી.અહમદ અલીને આ સન્માન આપવામાં આવ્યું હતું. આ વર્ષે ૩૦૦થી વધુ વ્યક્તિઓ અને સંસ્થાઓને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. આ સન્માન માટે આ ચોથી વખત આટલી મોટી સંખ્યામાં નામાંકન થયું છે. આ સંસ્થા વિશ્વની સૌથી મોટી માનવતાવાદી સંસ્થા છે જે ભૂખ અને ખોરાકની સલામતીની સમસ્યાનું સમાધાન કરે છે. ૨૦૧૯ માં, ડબ્લ્યુએફપીએ ૮૮ દેશોમાં આશરે ૧૦૦ મિલિયન લોકોને સહાય પૂરી પાડી હતી, જેઓ ગંભીર ભૂખમરોનો ભોગ બન્યા હતા.

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ એટલે કે ડબ્લ્યુએફપી ભૂખમરો મિટાવવા અનવે ખાદ્ય સુરક્ષા પર કેન્દ્રિત સંયુક્ત રાજ્ય એજન્સી છે. વિશ્વભરમાં જરૂરીયાતમંદો સુધી પહોંચીને તે ખાદ્ય વસ્તુ પ્રદાન કરે છે. તે ગૃહ યુદ્ધ અને કુદરતી આફતો જેવી કટોકટીઓમાં પણ ખૂબજ સક્રિય છે.

આ એવોર્ડ માટે કતારમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનું નામ પ્રથમ હતું અને બીજું ક્લાઈમેટ એક્ટિવિસ્ટ ગ્રેટા થનબર્ગનું નામ હતું. શાંતિના નોબેલ પુરસ્કારની નામોની યાદીમાં કુલ ૩૧૮નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

છેલ્લે... છેલ્લે...

- લાલુ યાદવને ચાઈબાસા કેસમાં જામીન મળ્યા, જેલ બહાર નહિ જઈ શકે
- વાયુ પ્રદૂષણ વધવાની સાથે જ કોરોનાના કેસમાં વધારો થઈ શકે છે : એમ્સ ડિરેક્ટર રણદીપ ગુલેરિયા
- પાસવાનના રાજકીય સન્માન સાથે આજે અંતિમ સંસ્કાર થશે
- આરબીઆઈએ રેપો રેટ કે રિવર્સ રેપો રેટમાં કોઈ ફેરફાર નહિ કરવાનો નિર્ણય કર્યો.
- કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલને ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રાલયનો વધારો હવાલો
- રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજને વધુ સારવાર માટે ચેન્નઈ લઈ જવાયા

હાથરસ કેસમાં સીબીઆઈ દ્વારા હજુ સુધી તપાસ અંગે ઉત્તર મળ્યો નથી

ગેંગરેપ-હત્યાકાંડની અરજી પર ૧૨ ઓક્ટોબરે સુનાવણી : સરકાર તરફથી મોકલવામાં આવેલા પ્રસ્તાવને પાંચ દિવસ થઈ ગયા છતાં સીબીઆઈ દ્વારા આ બાબતે એફઆઈઆર નોંધવામાં આવી જ નથી

લખનૌ,તા.૯

હાથરસ કાંડની તપાસ સીબીઆઈ કરશે કે નહીં, તેને લઈને શંકાઓ થઈ રહી છે. ઉત્તરપ્રદેશ સરકાર તરફથી મોકલવામાં આવેલા પ્રસ્તાવને ૫ દિવસ થઈ ગયા છે. જોકે, હજુ સુધી સીબીઆઈ તરફથી તપાસને લઈને કોઈ ઉત્તર મળ્યો નથી. આ મામલે સીબીઆઈ તરફથી ન મળી રહેલી પ્રતિક્રિયાના કારણે ઘણાં સવાલો ઉઠવાના શરુ થઈ ગયા છે. પ્રસ્તાવ મોકલ્યા છતા સીબીઆઈ દ્વારા આ મામલે એફઆઈઆર નથી નોંધાઈ અને સીબીઆઈ દ્વારા સ્થાનિક પોલીસ પાસેથી ઘટનાને લગતા દસ્તાવેજ પણ કબજે નથી લેવાયા. જોકે, વહીવટીતંત્રના ઉચ્ચપદસ્થ સૂત્રોનું કહેવું છે કે સીબીઆઈ દ્વારા જે પગલા ભરવામાં આવશે તેની રાહ જોવાઈ રહી છે. ૧૨ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટમાં હાથરસ કાંડને લઈને દાખલ કરાયેલી અરજી પર સુનાવણી થવાની છે. હાથરસ કાંડ સાશનને લઈને પહેલા ત્રણ સભ્ય એસઆઈટીની રચના કરી હતી. એસઆઈટીના પ્રાથમિક રિપોર્ટના આધારે હાથરસના તત્કાલીન એસપી સહિત ૫ પોલીસકર્મીને સસ્પેન્ડ કરાયા હતા. શનિવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મુખ્ય સચિવ અને ડીજીપીને ઘટના સ્થળની મુલાકાત લેવા માટે મોકલ્યા હતા. પીડિત પરિવારે મુખ્યમંત્રીએ મોકલેલા બન્ને અધિકારીઓને ઘટનાની તપાસ સીબીઆઈ પાસે કરાવવાની માંગ કરી જેના આધારે એ જ દિવસે મુખ્યમંત્રીએ સીબીઆઈ પાસે તપાસ કરાવવા માટેની કામગીરી આરંભી દીધી. સીબીઆઈ તપાસ કરાવવા માટે મુખ્ય સચિવ ગૃહ અવનીશ કુમાર અવસ્થીએ જણાવ્યું હતું કે સીબીઆઈ તપાસ સંબંધિત તમામ ઔપચારિકતાઓ એ દિવસે પૂર્ણ કરી દીધી હતી. એક તરફ જ્યાં એસઆઈટી દ્વારા ૫ દિવસ બાદ પણ તપાસને લઈને કોઈ જવાબ નથી અપાયો.

ત્યારે બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા આ મામલે તપાસ માટે એસઆઈટીને તપાસ માટે વધુ ૧૦ દિવસનો સમય આપવાથી, વધુ કુતૂહલતા સર્જાઈ છે. એસઆઈટીએ ગુરુવારે પીડિતાના ગામમાં ૪૦ લોકો સામે નોટિસ જારી કરીને પૂછપરછ માટે હાથરસ પોલીસ લાઈન્સ બોલાવ્યા અને તેમના નિવેદન નોંધ્યા. તેમાં ગામના એ લોકોનો પણ સમાવેશ થાય છે, જે ઘટનાના સમયે સ્થળની આસપાસ પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા અથવા તો અંત્યેષ્ટિ સમયે સ્થળ પર હતા.

એન્ટી રેડિએશન મિસાઈલ રૂદ્રમનું સફળ ટેસ્ટિંગ કરાયું

વાયુસેનાની તાકાતમાં વધારો થયો : રૂદ્રમ ભારતમાં બનેલી ખાસ મિસાઇલ છે જે હવે ચીન, પાકિસ્તાનને ધૂળ ચટાડશે : પૂર્વ તટ ઉપર પરીક્ષણ કરાયું

નવી દિલ્હી, તા. ૬

ભારતે મિસાઈલ ક્ષેત્રમાં એક વધુ ઊંચાઈ સર કરી છે. શુક્રવારે એન્ટી રેડિએશન મિસાઈલ રુદ્રમની લડાકૂ વિમાન સુખોઈ ૩૦થી સફળ ટેસ્ટિંગ કરવામાં આવી હતી. આ મિસાઈલને રક્ષા અનુસંધાન અને વિકાસ પરિષદે વિકસિત કર્યું છે. પૂર્વ તટ પર આ મિસાઈલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. રુદ્રમ પોતાની રીતમાં એક અલગ જ મિસાઈલ છે. યુદ્ધ વિમાન મિરાજ ૨૦૦૦, જેગુઆર, તેજસ, તેજસ માર્ક ૨ને પણ આ મિસાઈલથી લેસ કરી શકાય છે. આ મિસાઈલના ટેસ્ટિંગ પછી ભારતીય વાયુ સેનાની વ્યૂહાત્મક ક્ષમતામાં વધારો થયો છે. દુશ્મનની વાયુ રક્ષા વ્યવસ્થાને નષ્ટ કરવાના ઉદ્દેશથી બનાવવામાં આવેલી આ મિલાઈલ અલગ અલગ ઊંચાઈ વાળી જગ્યા પર પણ કામ કરવામાં સક્ષમ છે.

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં ૨૪ કલાકમાં ૭૦ હજાર નવા કેસ નોંધાયા, ૯૬૪નાં મોત

ન્યુ દિલ્હી,તા.૯

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૭૦ હજારથી વધારે નવા કેસ નોંધાયા છે. દેશમાં ૨૪ કલાકમાં નવા ૭૦,૪૯૬ કેસ નોંધાયા છે. જ્યારે આ સમય દરમિયાન કોરોનાથી ૭૮,૩૬૫ લોકો સાજા થયા છે. સાજા થવાનો દર ૮૫.૫ ટકા રહ્યો છે. આ સાથે દેશમાં ૨૪ કલાકમાં ૯૬૪ લોકોનાં કોરોનાથી મૃત્યું થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોનાને કારણે કુલ ૧,૦૬,૪૯૦ લોકોમાં મૃત્યું થયા છે. દેશમાં મોતની ટકાવારી ૧.૫ ટકા છે.

આ સાથે દેશમાં સક્રિય કેસની સંખ્યા ૮,૯૩,૫૯૨ પર પહોંચી છે. દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૬૯,૦૬,૧૫૧ થઈ છે. જેમાંથી કુલ ૫૯,૦૬,૦૬૯ દર્દી સાજા થયા છે. કુલ પોઝિટિવ કેસની દ્રષ્ટિએ ભારતનું સ્થાન વિશ્વમાં બીજા નંબર પર રહ્યું છે. આ સાથે સતત છઠ્ઠા દિવસે દેશમાં કોરોનાથી મોતની સંખ્યા એક હજારથી ઓછી રહી છે. સાથે જ સતત છઠ્ઠા દિવસે દેશમાં કોરોનાને પોઝિટિવ કેસની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

કુલ સક્રિય કેસ પણ હવે નવ લાખથી નીચે આવી ગયા છે. ગઈકાલે ૭૮.૫ હજાર કોરોનાના કુલ પોઝિટિવ કેસ નોંધાયા હતા. બીજી તરફ કેરળમાં ૧૭ દિવસ બાદ પોઝિટિવ કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. તામિલનાડુની વાત કરવામાં આવે તો અહીં મોતનો આંકડો ૧૦ હજારને પાર કરી ગયો છે.

દિલ્હીમાં ૨૯ દિવસમાં કોરોનાના કેસ બે લાખમાંથી ત્રણ લાખ થયાઃ નવી દિલ્હીમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ત્રણ લાખ થઈ ગઈ છે. ગુરુવારે દિલ્હીમાં કોરોનાના નવાં ૨,૭૨૬ કેસ નોંધાયા છે. દિલ્હીમાં ગુરુવાર સુધી કોરોનાના ત્રણ લાખ ૮૩૩ કેસ નોંધાયા છે. દિલ્હીમાં દર્દીઓની સંખ્યા એક લાખ પહોંચતા ૧૨૬ દિવસ લાગ્યા હતા.

સ્વિસ બેંક પાસેથી ભારતીય ખાતાઓની બીજી યાદી મળી

મોદી સરકારને કાળા નાણા સામે મોટી સફળતા મળી સ્વિટ્ઝર્લેન્ડની સરકાર દ્વારા ૮૬ દેશો સાથેના ૩૧ લાખ નાણાંકીય ખાતાઓની ગુપ્ત માહિતી શેર કરવામાં આવી

નવી દિલ્હી, તા. ૯

કાળા નાણાં સામેની લડતમાં સરકારને બીજી મોટી સફળતા મળી છે. ભારત અને સ્વિટ્ઝર્લેન્ડ વચ્ચે બ્લેક મની ઈન્ફર્મેશન સંધિની સ્વચાલિત વિનિમયની નવી પ્રણાલી હેઠળ સ્વિસ સરકારને તેના નાગરિકોના સ્વિસ બેંક ખાતાઓની બીજી યાદી મળી છે. અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. સ્વિટ્ઝર્લેન્ડે કહ્યું કે ૮૬૧ દેશો સાથે ૩૧ લાખ નાણાકીય હિસાબ અંગેની માહિતી શેર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર ૨૦૧૯માં સ્વિટ્ઝર્લેન્ડે ભારત સહિત ૭૫ દેશો સાથે માહિતી શેર કરી હતી. કાળા નાણાં સામે લડવાની દિશામાં મોટા પગલા તરીકે ભારતને સ્વિસ બેંકમાં તેના નાગરિકો વિશે માહિતી આપવામાં આવી હતી.સ્વિટ્ઝર્લેન્ડે કહ્યું છે કે ૮૬ દેશો સાથે ૩૧ લાખ નાણાકીય ખાતાઓની માહિતી શેર કરવામાં આવી છે. ભારત એ ૮૬ દેશોમાં શામેલ છે, જેની સાથે સ્વિટ્ઝર્લેન્ડના ફેડરલ ટેક્સ એડમિનિસ્ટ્રેશન (એફટીએ) એ વૈશ્વિક ધોરણોના માળખામાં આ વર્ષે એઈઓઆઈ પર નાણાકીય હિસાબની માહિતીની આપ-લે કરી છે.

એફટીએએ શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું છે કે ભારતે સ્વિટ્ઝર્લેન્ડેથી સપ્ટેમ્બર ૨૦૧૯માં માહિતીના આપમેળે વિનિમય અંતર્ગત તેની વિગતોનો પ્રથમ સેટ મેળવ્યો, જ્યારે તેમાં ૭૫ દેશો શામેલ છે. આ વર્ષે માહિતી વિનિમયમાં આશરે ૩.૧ મિલિયન (૩૧ લાખ) નાણાકીય ખાતાઓ સામેલ થયા છે. જોકે નિવેદનમાં સ્પષ્ટપણે ભારતનું નામ લેવામાં આવ્યું નથી. અધિકારીઓએ કહ્યું કે ભારત એવા મોટા દેશોમાં શામેલ છે કે જેની સાથે સ્વિટ્ઝર્લેન્ડે સ્વિસ બેંકના ગ્રાહકો અને અન્ય વિવિધ નાણાકીય સંસ્થાઓના નાણાંકીય ખાતાઓ વિશે વિગતો શેર કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

પાકિસ્તાનને એરક્રાફ્ટની ગુપ્ત માહિતી આપતો કર્મી ઝડપાયો

એચએએલના નાસિક યુનિટથી ધરપકડ કરાઈ : ISI એરક્રાફ્ટ સંબંધિત ગોપનીય જાણકારી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIને આપતો હોવાનો આક્ષેપ

નાસિક, તા. ૬

મહારાષ્ટ્ર એટીએસે હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડના એક કર્મચારીની ગોપનીય જાણકારી લીક કરવાના આરોપ સહ ધરપકડ કરી છે. ૪૧ વર્ષીય દીપક શ્રીસથ પર આરોપ છે કે તે એચએએલ એરકાફ્ટ સંબંધિત ગોપનીય જાણકારી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈને આપતા હતા. તેની એચએએલના નાસિક યુનિટથી ધરપકડ કરવામાં આવી છે. ડીસીપી, એટીએસ વિનય રાઠોડ મુજબ આ મામલે તેમની પાસે ચોક્કસ માહિતી આવી હતી. જે મુજબ એચએએલમાં કામ કરતા દીપક શિરસાત જે અહીં આસીસ્ટન્ટ સુપરવાઈઝર તરીકે કામ કરે છે તે સોશિયલ મીડિયાની મદદથી એચએએલ એરકાફ્ટ અને ફાઈટર જેટની જાણકારી પાકિસ્તાનને આપતા હતા. અને તેની સિક્રેટ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. અને આ અંગે તપાસ ચાલી રહી છે. એટીએસના સુત્રોના જણાવ્યા મુજબ દીપક પર સૂચના લીક કરવાની જાણકારી મળી છે. તે ભારતીય યુદ્ધ જહાજો સંબંધિત એક વિદેશી વ્યક્તિને જાણકારી આપતો હતો. ધરપકડ અને લાંબી પૂછપરછ પછી દીપકે જણાવ્યું કે તે સતત પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીના સંપર્કમાં હતા. અને તે ત્યાં સંવેદનશીલ જાણકારી આપતો હતો.

FLAT ON SALE
3BHK 175 Yd Net.
Nr, Raxa circle.
Prime location.
Farnish with vastu.
58 LAKHS No Negotiation.
Call 9974703401